કતારગામ બ્રિજ પર બાઈક ડિવાઈડર સાથે અથડાતાં યુવાનનું મોત

સુરતઃ પાલ બાગબાન સર્કલ પાસે આવેલ સુમનમુદ્રા આવાસમાં જય આશિષકુમાર ટોપીવાલા (26 વર્ષ) માતા સાથે રહેતો હતો. તે હીરાના કારખાનામાં નોકરી કરતો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી તે બેકાર બેસેલો હતો. સૈયદપુરા બોડી શેરી ખાતે જયનું જૂનું ઘર આવેલું છે. ત્યાં તેની બાઈક મૂકેલી હતી. સોમવારે સવારે જય તે બાઈક લેવા માટે આવ્યો હતો અને બાઈક લઈને પાલ ઘરે પરત જઈ રહ્યો હતો ત્યારે કતારગામ દરવાજા પાસે આવેલ બ્રિજ પર તેણે બાઈકના સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દેતા તે ડીવાઈડર સાથે અથડાયો હતો. જેથી જય ઉછળીને બ્રીજની નીચે પટકાયો હતો. ગંભીર ઇજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માતને પગલે કતારગામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પત્નીને જાહેરમાં ઢોર માર મારનાર પતિની ધરપકડ, પ્રેમિકા ફરાર

સુરતઃ છાપરાભાઠા ખાતે રહેતી ૩૪ વર્ષીય હિરલ ગોળકિયાને ગત શનિવારે સવારે રસ્તા વચ્ચે આંતરી તેનાથી અલગ રહેતા પતિ પ્રવિણ ગોળકિયાએ વાળ પકડીને ઢોર માર માર્યો હતો. આ હુમલાના મજબૂત સીસીટીવી ફૂટેજ કબ્જે કરીને ઉત્રાણ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના આધારે ઉત્રાણ પોલીસની ટીમે અમરોલી વરીયાવ રોડ પર આવેલા પંચશીલા સ્કાયમાંથી આરોપી પતિ પ્રવિણ અમરશીભાઈ ગોળકીયા (ધંધો ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, રહે., પંચશીલા સ્કાય વરિયાવ, અમરોલી)ને દબોચી લીધો છે. આ ચકચારી ઘટના દરમિયાન કારમાંથી ઉતરીને પીડિત મહિલાને લાફા ઝીંકનાર આરોપી પતિની પ્રેમિકા આરતી પરમાર (રહે. સુમન પ્રયાગ આવાસ, મોટા વરાછા)ની ધરપકડ હજુ બાકી છે.

ઉધનામાં યોગ્ય કામ નહીં મળતા રિક્ષા ચાલકનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ ઉધનામાં યોગ્ય કામ નહીં મળતા રિક્ષા ચાલકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની જીવનભાઈ વિનાયકભાઈ ઈંગ્લે (43 વર્ષ) હાલમાં ઉધનામાં ભીમનગર આવાસમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે પહેલા મજૂરી કામ કરતો હતો. પરંતુ યોગ્ય કામ નહીં મળતા તેણએ રિક્ષા ચલાવવાનું શરૂ કર્યું હતું. તેમાં પણ તેને યોગ્ય વળતર મળતું ન હતું. જેથી ટેન્શનમાં આવીને જીવનભાઈએ રવિવારે રાત્રે ઘરમાં લોખંડના હૂક સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે ઉધના પોલીસે તપાસ હાથ ધરી છે.

વરાછામાં હીરાના કારખાનાની બારીના કાચ પર મુક્કો મારતા રત્નકલાકારનું મોત

સુરતઃ મૂળ મધ્યપ્રદેશના વતની 30 વર્ષીય મુકેશ ગોરેલાલ શાહુ હાલમાં વરાછા મોહન પાર્કમાં આવેલ એક હીરાના કારખાનામાં રહેતો હતો અને ત્યાં જ કામ કરીને પરિવારનું ગુજરાત ચલાવતો હતો. તેને વતનમાં એક પુત્ર સહિતનો પરિવાર રહે છે. શુક્રવારે રાત્રે મુકેશે કોઈક કારણોસર ગુસ્સામાં આવીને કારખાનામાં બારીના કાચમાં ડાબા હાથનો એક મૂક્કો માર્યો હતો. જેથી તેના હાથની એક નસ ફાટી ગઈ હતી અને લોહી વધુ વહી ગયું હતું. તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજ્યું હતું.

વડોદરા સાયબર ક્રાઇમનો રીઢો વોન્ટેડ આરોપી ઝડપાયો

સુરત : વડોદરા શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કરોડોની છેતરપિંડીના એક ગુનામાં છેલ્લા એક વર્ષથી પોલીસને થાપ આપી રહેલા શાતિર આરોપીને ઝડપી પાડવામાં સુરત શહેરની રાંદેર પોલીસ ટીમને મોટી સફળતા મળી છે. પોલીસે રાંદેર જુમ્મા મસ્જીદ નજીક માલમ એપાર્ટમેન્ટમાં દરોડો પાડી આરોપી શાહીદખાન અહેમદખાન પઠાણ (ઉ.વ. ૩૮, ધંધો- જમીન દલાલી) ને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલો આરોપી શાહીદખાન પઠાણ રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ પણ ગંભીર ગુના નોંધાઈ ચૂક્યા છે.

બેફામ કારે ગાડીઓનો કચ્ચરઘાણ વાળ્યો

કતારગામના ડભોલી ચાર રસ્તા પાસે ઝોકું આવી જતાં બાંધકામ કોન્ટ્રાક્ટરે વેગનઆર અને બ્રેઝાને ઉડાવી

સીસીટીવી અને નંબર પ્લેટના આધારે કતારગામ પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી કાર ચાલકની ધરપકડ કરી

સુરત : કતારગામ વિસ્તારમાં ડભોલી ચાર રસ્તા પાસે વહેલી સવારે એક હૃદય કંપાવનારો 'હિટ એન્ડ રન'નો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક બેફામ બનેલી કિયા સેલટોસ કારના ચાલકે રસ્તાની સાઈડમાં પાર્ક કરેલી બે ફોર-વ્હીલર ગાડીઓને અડફેટે લઈ કચ્ચરઘાણ વાળી દીધો હતો. કારચાલક અંધારાનો લાભ ઉઠાવી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. જોકે, કતારગામ પોલીસે સીસીટીવી ફૂટેજ અને ગાડીના નંબરના આધારે ગણતરીના કલાકોમાં જ કાર ચાલકની ધરપકડ કરી છે.

કતારગામ ડભોલી ચાર રસ્તા પાસે આવેલી વિહાર સોસાયટી-૦૨ માં રહેતા અને જરીકામનો ધંધો કરતા ૬૨ વર્ષીય નરેશકુમાર શિવલાલ ગોટાવાલાએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. ૧૨ જુલાઈ, રવિવારની વહેલી સવારે આશરે ચાર વાગ્યે સોસાયટીના એક રહીશે નરેશકુમારને જગાડીને અકસ્માતની માહિતી આપી હતી. નરેશકુમારે નીચે આવીને જોયું તો વાળીનાથ સર્કલથી ધનમોરા ચાર રસ્તા તરફ જતા રોડ પર કોઈ અજાણ્યા ચાલકે પોતાની કિયા સેલટોસ ગાડી (નંબરઃ GJ-05-JY-7447) ફૂલ સ્પીડે હંકારી લાવી નરેશકુમારની ઘર બહાર પાર્ક કરેલી મારૂતી વેગેનાર કાર (નંબરઃ GJ-05-JC-7506) ને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે વેગનઆર કારનો ફુરચો બોલી ગયો હતો અને તેને આશરે રૂપિયા ૧,૦૦,૦૦૦ નું નુકસાન થયું હતું. વેગનઆર કાર ફંગોળાઈને આગળ પાર્ક કરેલી પાડોશી મિતેશભાઈ બારડોલીવાલાની બ્રેઝા કાર (નંબરઃ GJ-05-RQ-4705) સાથે ધડાકાભેર અથડાતાં બ્રેઝાને પણ રૂપિયા ૫૦,૦૦૦ નું નુકસાન થયું હતું. કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સોસાયટી અને રોડ પરના સીસીટીવી ફૂટેજ ફંફોસીને ગણતરીના કલાકોમાં જ આરોપી કાર ચાલક જેનિશ રમેશભાઈ આંબલીયા (ઉ.વ.૩૪, ધંધો- બાંધકામ કોન્ટ્રાક્ટર, રહે. અશોકનગર, કતારગામ) ની ધરપકડ કરી લીધી હતી.

મિત્રની ગાડી પરત આપવા જતી વખતે ઝોકું આવી ગયું

પોલીસની કડક પૂછપરછમાં આરોપી જેનિશ આંબલીયાએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. તેણે જણાવ્યું કે, ઘરે ડિલિવરીના કામ અર્થે તે આ કિયા કાર તેના મિત્ર પાસેથી માંગીને લાવ્યો હતો. ઘટનાના દિવસે વહેલી સવારે તે કાર મિત્રને પરત આપવા જઈ રહ્યો હતો, તે દરમિયાન અચાનક ડ્રાઇવિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં અને જોકું આવી જતાં આ ભયાનક અકસ્માત સર્જાયો હતો. હાલ પોલીસે આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એકતરફી પ્રેમમાં પાગલથી કંટાળી વેપારીની પુત્રીએ હાથની નસ કાપી

ઇન્સ્ટાગ્રામની ફ્રેન્ડશિપ તોડી નાંખતા જહાંગીરપુરાના સુજલ ગઢવીએ કોલેજ, પિતાની ઓફિસ અને છેક અમદાવાદ સુધી પીછો કર્યો

મધરાતે ઘરે આવીને કરી બબાલ, યુવતીએ બ્લેડ મારી દીધી

ગત તારીખ ૯ જુલાઈના રોજ રાત્રે ૧૨:૩૦ વાગ્યે નરાધમ સુજલ ગઢવી તમામ હદો પાર કરીને પાયલના ઘરે પહોંચી ગયો હતો અને ડોરબેલ વગાડી પિતા સાથે વિવાદ કર્યો હતો કે, આપ અપની લડકી કો વીપ્લે એપ યુઝ કરના બંધ કરદો, વો કિસી લડકે સે બાત કર રહી હૈ. પિતાએ વિરોધ કરી સોસાયટીના વોચમેનને બોલાવ્યો અને સુજલના પિતાને પણ ફોન કરીને સ્થળ પર તેડાવ્યા હતા. બંને પક્ષના વાલીઓ નીચે સોસાયટીમાં વાતચીત કરી રહ્યા હતા, ત્યારે ઉપર ઘરમાં એકલી હાજર પાયલ સતત થતાં માનસિક ત્રાસથી અત્યંત ડરી ગઈ હતી અને તેણે બ્લેડ વડે પોતાના ડાબા હાથની નસ કાપી નાંખી હતી. સમયસર સારવાર મળતા તેનો જીવ બચી ગયો હતો.

સુરતઃ એક તરફી પ્રેમમાં યુવતીનો સતત પીછો કરી હેરાન કરનાર યુવતીને આત્મહત્યાના પંથે ધકેલનાર એકતરફી પ્રેમી વિરુદ્ધ ઉમરા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અઠવાલાઈન્સમાં ગોકુલમ ડેરી પાસે રહેતા ટેક્સટાઈલ ઉદ્યોગપતિની ૧૯ વર્ષીય પુત્રી પાયલે નોંધાયેવીલ ફરિયાદ પ્રમાણે, પાયલએ વર્ષ ૨૦૨૪ માં ધોરણ-૧૨ પાસ કર્યા બાદ વેસુની પીપી સવાણી કોલેજમાં એડમિશન લીધું હતું. અગાઉ ઓગસ્ટ ૨૦૨૨માં ઈન્સ્ટાગ્રામ પર જહાંગીરપુરાના સુજલ ગઢવી સાથે વાતચીત શરૂ થઈ હતી અને પ્રેમ સંબંધ બંધાયો હતો. જોકે, ૨૦૨૪ માં કોલેજ શરૂ થયા બાદ સુજલની વર્તણૂક બદલાઈ હતી. તે પાયલનો કોલેજથી ઘર સુધી પીછો કરવા લાગ્યો હતો અને રસ્તામાં રોકી હેરાન કરતો હતો. પાયલએ દોસ્તી તોડી નાંખતા સુજલ વધુ હિંસક બન્યો હતો. તે રિંગ રોડ કમલા માર્કેટ સ્થિત તેના પિતાની ટેક્સટાઈલ ઓફિસે પહોંચીને પણ તમાશો કરતો હતો. નવેમ્બર ૨૦૨૪ માં ઉમરા પોલીસમાં અરજી કરાતા સુજલે માફીનામું લખી આપ્યું હતું, પાયલ અમદાવાદ કાકાના ઘરે રહેવા ગઈ, તો આ માથાભારે પ્રેમી ત્યાં પણ ઝઘડો કરવા પહોંચી ગયો હતો. પરિણામે પિતાએ દીકરીનો અભ્યાસ છોડાવી તેને ઘરમાં કેદ રહેવા મજબૂર થવું પડ્યું હતું.

પીએફ ટ્રસ્ટ ધરાવતી સંસ્થાઓ માટે કેન્દ્ર સરકારની 'એમ્નેસ્ટી સ્કીમ' અમલમાં

સુરત : કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) દ્વારા પીએફ ટ્રસ્ટ ચલાવતી સંસ્થાઓ માટે કેન્દ્ર સરકારે 'એમ્નેસ્ટી સ્કીમ-2026' જાહેર કરી છે. સુરત EPFO સંજય ગુર્જરે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ આવકવેરા કાયદા હેઠળ માન્યતા પ્રાપ્ત પરંતુ કર્મચારી ભવિષ્ય નિધિ અને વિવિધ જોગવાઈઓ અધિનિયમ-1952ની કલમ-17 હેઠળ સત્તાવાર છૂટ ન ધરાવતા પીએફ ટ્રસ્ટોને તેમની સ્થિતિ નિયમિત કરવાની તક આપવામાં આવી છે. છ મહિનાની મુદત સુધી અરજી કરી શકાશે. યોજનાનો સૌથી મોટો લાભ એ છે કે ટ્રસ્ટને તેની સ્થાપનાની તારીખથી નિર્ધારિત કટ-ઓફ તારીખ સુધી પૂર્વલક્ષી માન્યતા આપવામાં આવશે. ઉપરાંત સોશિયલ સિક્યુરિટી કોડ હેઠળ કર્મચારીઓની લઘુત્તમ સંખ્યા, કોર્પસ ફંડ અને ત્રણ વર્ષના પૂર્વ પાલન જેવી શરતોમાં પણ રાહત આપવામાં આવશે.

વરસાદ બાદ શહેરના અનેક વિસ્તારોમાં ખાડા

■ વરસાદને પગલે પાણી ભરાવાથી માંડીને ખાડીપૂર હવે પુરૂ થઈ ગયું છે પરંતુ રસ્તામાં પડેલા ખાડા હવે શહેરીજનોને હેરાન કરી રહ્યા છે. રિંગ રોડ, રઘુકુળ ગરનાળાના રસ્તામાં ખાડા દેખાઈ રહ્યા છે. (ત.: સતીષ)

પિતા સાથે સુંદરકાંડના પાઠમાં યુવાન ગયો હતો

વીજ કરંટ લાગતા સોફ્ટવેર એન્જિનિયરના વિદ્યાર્થીનું મોત

31મીએ જન્મદિવસની ઉજવણી કરે એ પૂર્વે જ કાળ ભરખી ગયો

સુરતઃ સચિન રોડ પર આવેલ પારડી કણદે ખાતે બાપા સીતારામ આશ્રમમાં સુંદરકાંડ માટે પિતા સાથે ગયેલા વિદ્યાર્થી પુત્રને કરંટ લાગતા મોત નીપજ્યું હતું. ભાવનગર ખાતે સોફ્ટવેર એન્જિનિયરનો અભ્યાસ કરતો હિરેન વેકેશન હોવાથી ઘરે આવ્યો હતો અને સોમવારે સાંજે પરત તે કોલેજ માટે ભાવનગર જવાનો હતો. તેમજ 31 જુલાઈના રોજ તેનો જન્મદિવસ પણ હોવાનું જાણવા મળ્યું હતું.

મૂળ ભાવનગરના મહુવા તાલુકાના તરેડ ગામના વતની અશોકભાઈ વાળેલ હાલમાં પુણાગામમાં આવેલી માતૃશક્તિ સોસાયટીમાં પત્ની, એક પુત્રી અને 18 વર્ષીય પુત્ર હિરેન સાથે રહે છે અને હીરાના કારખાનામાં નોકરી કરે છે. તેમનો પુત્ર હિરેન ભાવનગર ખાતે આવેલ શાંતિલાલ શાહ સાયન્સ કોલેજમાં સોફ્ટવેર એન્જિનિયરના પહેલા વર્ષમાં અભ્યાસ કરતો હતો. હિરેને પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા આપી હતી. ત્યારબાદ વેકેશન હોવાથી તે ગત તારીખ 2 જુલાઈના રોજ સુરત ઘરે આવ્યો હતો. રવિવારે સચિન નવસારી રોડ પર આવેલ પારડી કણદે સ્થિત બાપા સીતારામ આશ્રમમાં તેના પિતાના ગ્રુપના સભ્યોએ સુંદરકાંડના પાઠનું આયોજન કર્યું હતું. જેથી હિરેન પિતા સાથે ત્યાં ગયો હતો. દરમિયાન આશ્રમમાં મૂકેલા લોખંડના ટેબલ પંખાને હાથ લગાવતા હિરેનને વીજ કરંટ લાગ્યો હતો. અકસ્માતને પગલે તે ત્યાં જ ઢળી પડ્યો હતો. જે બાદ સ્મીમેર હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ઈસ્કોન મંદિરની રથયાત્રામાં 20 લાખથી વધુ ભક્તો જોડાવાની શક્યતા

રથયાત્રાનું મુસ્લિમ સમાજ દ્વારા સ્વાગત કરાશે

યાત્રાના રસ્તા પર પાણી, છાસ, નાસ્તાનું વિતરણ કરાશે

સુરતઃ અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે સુરતના જહાંગીરપુરા સ્થિત ઈસ્કોન મંદિર દ્વારા ભગવાન જગન્નાથજી, ભાઈ બલરામજી અને બહેન સુભદ્રાજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ગુરુવારે બપોરે 3 વાગ્યે સુરત રેલવે સ્ટેશનથી પ્રારંભ થનારી આ રથયાત્રા રિંગ રોડ, મજૂરાગેટ, નવયુગ કોલેજ માર્ગ થઈ જહાંગીરપુરા સ્થિત ઈસ્કોન મંદિર પહોંચશે. સમગ્ર માર્ગ પર ભક્તિ, સેવા અને સામાજિક એકતાનું અનોખું વાતાવરણ ખડું થશે.

ઈસ્કોન મંદિરના આયોજકોના જણાવ્યા મુજબ, ગયા વર્ષે રથયાત્રામાં અંદાજે 15 લાખ જેટલા શ્રદ્ધાળુઓએ ભગવાન જગન્નાથજીના દર્શનનો લાભ લીધો હતો. આ વર્ષે ભક્તોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે અને અંદાજે 20 લાખ જેટલા શ્રદ્ધાળુઓ ભગવાન જગન્નાથજી, બલરામજી અને સુભદ્રાજીના દર્શન કરશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

રથયાત્રાના સમગ્ર માર્ગ પર વિવિધ સામાજિક, ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા આશરે 30થી 40 સેવા સ્ટોલ ઉભા કરવામાં આવશે. આ સ્ટોલ પર ભક્તોને વડા, વડાપાઉં, ઠંડુ પીવાનું પાણી, છાશ, કોલ્ડ ડ્રિંક્સ સહિતની વિવિધ ખાદ્ય અને પીણાની વસ્તુઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

સેવાભાવથી યોજાતી આ વ્યવસ્થા હજારો યાત્રાળુઓને રાહત આપશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર.એસ.એસ.) દ્વારા પણ યાત્રા માર્ગ પર સેવા સ્ટોલનું આયોજન કરવામાં આવશે. ઉપરાંત બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે મુસ્લિમ સમાજના સભ્યો દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવશે, જે સુરતમાં સર્વધર્મ સમભાવ અને સામાજિક સૌહાર્દનું પ્રતીક બની રહેશે. ઈસ્કોન મંદિર દ્વારા યાત્રામાં જોડાતા ભક્તોને પ્રસાદરૂપે 5 લાખ બુંદીના પેકેટનું વિતરણ કરવામાં આવશે. યાત્રા દરમિયાન પાંચ પાણીના ટેન્કર રથ સાથે સતત ફરતા રહેશે, જેથી માર્ગમાં ભક્તોને શુદ્ધ પીવાના પાણીની કોઈ તકલીફ ન પડે. આ ઉપરાંત વેસુ સ્થિત મેહદીપુર બાલાજી મંદિર દ્વારા વનિતા વિશ્રામ પાસે વિશાળ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવશે, જ્યાં આશરે 30 હજાર વડાપાઉંનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. આ સેવાકાર્યમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો જોડાશે.

પાટીદાર પરિવાર સુરક્ષા કવચથી વધુ એક પરિવાર બેઠો થશે

સુરતઃ સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ-સુરત સંચાલિત પાટીદાર પરિવાર સુરક્ષા કવચ યોજના વધુ એક પરિવાર માટે આશાનું કિરણ બની છે. યોજનાના સભ્ય તુષારભાઈ રાજુભાઈ વહાણીના અવસાન બાદ તેમના પરિવારને નિયમ મુજબ 10 લાખની સહાય અર્પણ કરવામાં આવી હતી. પરિવારના પુત્રએ જણાવ્યું કે આ સહાયથી પોતાનું અધૂરું શિક્ષણ પૂર્ણ કરી શકશે અને નાના ભાઈના અભ્યાસમાં પણ મદદ મળશે. પત્નીએ આ સહાયને માત્ર આર્થિક નહીં પરંતુ પરિવારને ફરી ઉભા થવાની નવી આશા ગણાવી હતી. ટ્રસ્ટના પ્રમુખ વેલજીભાઈ શેટાએ જણાવ્યું કે 18થી 55 વર્ષના કાર્યરત સભ્યો માટેની આ યોજના મુશ્કેલીના સમયમાં પરિવારોને મજબૂત આર્થિક આધાર આપે છે.

સુરતમાં ખાડીપૂર બાદ ચામડીના રોગોનો ખતરો, 3 દિવસમાં 825 દર્દી

18 મેડિકલ કેમ્પમાં ચાર હજાર નાગરિકોની આરોગ્ય તપાસ

તાવ, ઝાડા-ઊલટીના કેસ પણ નોંધાતાં પાલિકા એલર્ટ

સુરતઃ સુરતમાં ખાડીપૂરનું પાણી ઓસર્યા બાદ હવે તેની આરોગ્ય પર અસર દેખાવા લાગી છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં ગંદકી, કાદવ અને દૂષિત પાણીના સંપર્કને કારણે ચામડીના રોગોના કેસમાં નોંધપાત્ર વધારો થયો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા શરૂ કરાયેલા 18 મેડિકલ કેમ્પમાં છેલ્લા ત્રણ દિવસ દરમિયાન અંદાજે ચાર હજાર નાગરિકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી, જેમાં સૌથી વધુ 825 દર્દીને ચામડીના રોગ માટે સારવાર આપવી પડી છે.

પાલિકાએ 11 જુલાઈથી પૂરગ્રસ્ત વિસ્તારોમાં વિવિધ ઝોનમાં 18 સ્થળે મેડિકલ કેમ્પ શરૂ કર્યા હતા. આ રવિવાર બપોર સુધીમાં આશરે ચાર હજાર લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. આંકડા મુજબ 825 લોકોને ચામડીના રોગની સારવાર આપવામાં આવી હતી. ઉપરાંત 357 લોકોને તાવ, 264 લોકોને સામાન્ય ઝાડા અને 82 લોકોને ઝાડા-ઊલટીની ફરિયાદ સાથે સારવાર આપવામાં આવી હતી. અન્ય વિવિધ પ્રકારની તકલીફ ધરાવતા અંદાજે બે હજાર દર્દીઓને પણ સારવાર આપવામાં આવી છે. તપાસ દરમિયાન ગંભીર હાલતમાં જણાયેલા 14 દર્દીને વધુ સારવાર માટે હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. બીજી તરફ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ઓઆરએસના પેકેટનું વિતરણ, સ્વચ્છતા અંગે માર્ગદર્શન અને પાણીજન્ય તથા મચ્છરજન્ય રોગચાળો અટકાવવા સર્વેલન્સની કામગીરી પણ સઘન બનાવવામાં આવી છે.

10 દિવસમાં 9,082 મચ્છર બ્રીડિંગનો નાશ, 314 સંસ્થાને નોટિસ અપાઈ

મનપાનો 1,161 બાંધકામ અને 5.54 લાખથી વધુ ઘરોનો સરવે

વરસાદગ્રસ્ત વિસ્તારોમાં 1.31 લાખ લોકોનું આરોગ્ય સર્વેક્ષણ

સુરતઃ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે મચ્છરજન્ય રોગોને નિયંત્રણમાં લેવા માટે છેલ્લા 10 દિવસ દરમિયાન શહેરવ્યાપી સઘન અભિયાન હાથ ધર્યું હતું. આ દરમિયાન બાંધકામો અને રહેણાંક વિસ્તારોમાં કરવામાં આવેલા સરવે દરમિયાન કુલ 9,082 સ્થળે મચ્છરના બ્રીડિંગનો નાશ કરવામાં આવ્યો હતો. નિયમોના ભંગ બદલ 314 નોટિસ ફટકારી રૂ. 3.52 લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે. આ દરમિયાન 2,025 સ્થળોએ મચ્છરના બ્રીડિંગ મળી આવતા તેનો તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો. બેદરકારી દાખવનાર 72 સંસ્થાને નોટિસ આપવામાં આવી હતી, જ્યારે રૂ. 2.66 લાખનો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો.

આરોગ્ય વિભાગની ટીમે શહેરમાં ડોર-ટુ-ડોર સરવે હાથ ધરી 5,54,551 ઘરોની મુલાકાત લીધી હતી. સર્વે દરમિયાન 19,14,002 સ્થળોએ મચ્છરના બ્રીડિંગની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 7,057 સ્થળોએ બ્રીડિંગનો નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરી દરમિયાન 1,242 નોટિસ ફટકારી રૂ. 85,600નો વહીવટી ખર્ચ વસૂલવામાં આવ્યો હતો. મચ્છરજન્ય રોગોની રોકથામ માટે 726 આરોગ્ય કર્મચારીઓ દ્વારા 82,722 ક્લોરીન ટેબ્લેટ અને 18,680 ORS પેકેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તાજેતરમાં શહેરમાં પડેલા ભારે વરસાદને પગલે પાણી ભરાયેલા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં પણ વિશેષ આરોગ્ય સરવે હાથ ધરાયો હતો. 32,508 ઘરોને આવરી લઈ 1,31,080 લોકોનું આરોગ્ય સર્વેક્ષણકરવામાં આવ્યું હતું. આ દરમિયાન 722 વ્યક્તિઓના લોહીના નમૂના લેવામાં આવ્યા, જ્યારે જનજાગૃતિ માટે 13,337 માહિતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારોમાં 38,448 ક્લોરીન ટેબ્લેટ અને 11,737 ORS પેકેટનું વિતરણ કરીને રોગચાળો ફેલાતો અટકાવવા પ્રયાસ કરવામાં આવ્યા હતા.

પાણી ઊતરી ગયા, ખાડીપૂર પ્રભાવિત વિસ્તારોમાં જનજીવન સામાન્ય થયું

પહેલા ત્રણ શિફ્ટમાં આરોગ્યલક્ષી કામગીરી કરાઈ, હવે બે જ શિફ્ટમાં કામગીરી થશે

પૂરપ્રકોપ: 32 હજાર અસરગ્રસ્તોને રૂ. 7.25 કરોડની સહાયનું વિતરણ

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉપલબ્ધ માહિતી મુજબ, અત્યાર સુધીમાં શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ 10,533 પરિવારોને ઘરવખરી સહાય તરીકે અંદાજે રૂ. 5 કરોડની રકમ ચૂકવવામાં આવી છે. પૂરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક જીવનનિર્વાહ માટે 21,484 વ્યક્તિઓને પ્રતિ વ્યક્તિ રૂ. 900ના દરે કેશડોલ્સ પણ ચૂકવવામાં આવ્યા છે. આ હેતુસર અંદાજે રૂ. 2 કરોડની સહાય વિતરણ કરવામાં આવી છે. આ રીતે સુરત શહેરમાં વરસાદ અને ખાડીપૂરના કારણે અસરગ્રસ્ત પરિવારો અને વ્યક્તિઓને અત્યાર સુધીમાં કુલ રૂ. 7.25 કરોડથી વધુની આર્થિક સહાય ચૂકવવામાં આવી હોવાનું વહીવટી તંત્રે જણાવ્યું છે.

સુરતઃ ખાડીપૂરગ્રસ્ત વિસ્તારોમાંથી પૂરના પાણી ઓસર્યા બાદ મનપા દ્વારા યુદ્ધસ્તરે શરૂ કરવામાં આવેલી સફાઇ, મેડિકલ કામગીરીનો પ્રથમ તબક્કો સંપૂર્ણ પૂર્ણ થઇ ગયો છે. હવે ફક્ત ખાડીપૂરગ્રસ્ત વિસ્તારોમાં સ્ક્રેપિંગની કામગીરી મનપા દ્વારા હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા તમામ પ્રભાવિત સોસાયટી, રસ્તાઓ પર વોટર બ્રાઉઝર દ્વારા પાણીથી સફાઇ પણ પૂર્ણ કરી દીધી છે. ચાર દિવસ પૂર્વે સુધી જેસીબી, ટ્રક, રોબોટ, ટ્રેક્ટર્સ વગેરે સહિત ૭૬૮ મશીનરી સફાઇ, કચરાના એકત્રીકરણની કામગીરી માટે સતત કામે લગાડાઇ હતી. ગતરોજથી આ મશીનરીની સંખ્યા ઘટાડીને ૨૬૦ જેટલી કરવામાં આવી છે. આજથી તંત્ર દ્વારા સવારે ૭થી સાંજે ૫ અને રાત્રે ૧૦.૩૦થી સંપૂર્ણ રાત્રિ દરમિયાન સફાઇ, મેડિકલ કામગીરીનું શિડ્યુલ નક્કી કરવામાં આવ્યું છે. વડોદરા મનપાની મશીનરી અને ૨૫૦ કર્મચારી સાથે સફાઇ કામગીરી હેતુ સુરત આવેલી ટીમો સોમવારે પરત ફરી છે. ડોર ટુ ડોર સર્વેલન્સની કામગીરી માટે કુલ ૪૯૦ ટીમ કામે લગાડાઇ હતી. જેની સંખ્યા હવે ઘટાડી ૨૦૨ કરવામાં આવી છે.

મનપા દ્વારા સંચાલિત તમામ રીલીફ કેમ્પો ગતરોજથી સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યા છે. રીલીફ કેમ્પોમાં શિફ્ટ કરાયેલા ૪૧૭૦ પ્રભાવિતો સંપૂર્ણ રીતે પોતાના ઘરે પરત ફર્યા છે. આજથી જનજીવન ખાડીપૂર પ્રભાવિત વિસ્તારોમાં પણ સામાન્ય થઇ ગયું છે.

સુરતમાં પૂર અસરગ્રસ્તોને ઝડપથી સહાય માટે

ગાંધીનગર અને અમદાવાદથી ત્રણ મામલતદાર મુકાયા

ઉધના, પુણા અને મજૂરા વિસ્તારમાં સરવે અને સહાય કામગીરી સંભાળશે

સુરતઃ રાજ્ય સરકારે સહાય કામગીરી માટે અમદાવાદ સ્થિત SPIPAમાં ફરજ બજાવતા મામલતદાર સુનીલ જી. મહેતાને ઉધના તાલુકાની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે ગાંધીનગર આર.આઈ.સી.માં ફરજ બજાવતા મામલતદાર કમલેશ ખરાડીને પુણા વિસ્તારની કામગીરી માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉપરાંત સેટલમેન્ટ વિભાગમાં ફરજ બજાવતા મામલતદાર ધવલ પરમારને મજુરા તાલુકા વિસ્તારની સરવે અને સહાય સંબંધિત કામગીરીની જવાબદારી સોંપવામાં આવી છે.

અસરગ્રસ્ત રત્નકલાકારોને બે વર્ષ સુધી મનપાના વેરામાં રાહત, લોનના હપ્તા એક વર્ષ સ્થગિત કરવા કલેક્ટર સમક્ષ માંગ

સુરતઃ સુરત શહેરમાં ૬થી ૮ જુલાઈ દરમિયાન પડેલા ભારે વરસાદથી હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો રત્નકલાકારોને થયેલા નુકસાન બદલ સરકારના રાહત પેકેજ હેઠળ તાત્કાલિક આર્થિક સહાય આપવામાં આવે તેવી માંગ સાથે ડાયમંડ વર્કર યુનિયન ગુજરાત દ્વારા જિલ્લા કલેક્ટર તેજસ પરમારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. યુનિયને રજૂઆતમાં જણાવ્યું